# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર.-૩૧/૨૦૧૮-૧૯ થી જા.ક્ર.-૩૬/૨૦૧૮-૧૯ માટે તારીખ-૧૫/૦૬/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૦/૦૬/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **https://gpsc.gujarat.gov.in/** અને **https://gpsc-ojas.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ-સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | ૫ | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૩૧ | બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૩-૦૯-૨૦૧૮ | નવેમ્બર-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ |
| ૩૨ | આદર્શ નિવાસી શાળાના આચાર્ય, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, વર્ગ-૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૩-૦૯-૨૦૧૮ | નવેમ્બર-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ |
| ૩૩ | ફીઝીશીયન, વર્ગ-૧ (કા.રા.વિ.યો.) | ૦૬ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૬-૦૯-૨૦૧૮ | નવેમ્બર-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ |
| ૩૪ | ઓર્થોપેડીક સર્જન, વર્ગ-૧ (કા.રા.વિ.યો.) | ૦૭ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૬-૦૯-૨૦૧૮ | નવેમ્બર-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ |
| ૩૫ | મદદનીશ નિયામક વર્ગ-૧, (કા.રા.વિ.યો.) | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૭-૧૦-૨૦૧૮ | ડિસેમ્બર-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૮ |
| ૩૬ | ચીફ કેમિસ્ટ (ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશનરશ્રીની કચેરી હેઠળ), વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૩-૦૯-૨૦૧૮ | નવેમ્બર-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ |

નોંધ:- (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૩) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

(૪) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

(૫) ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-‘A’ (ENGLISH) માન્ય ગણાશે નહીં.

(૬) આયોગ દ્વારા જાન્યુઆરી-૨૦૧૮ માં પ્રસિદ્ધ થયેલ ભરતી કેલેન્ડર અનુસાર જુન-૨૦૧૮ માં પ્રસ્તાવિત જાહેરાતો પૈકી બાકી રહેતી જાહેરાતો હવે પછી આપવામાં આવશે.

તારીખ-૧૫/૦૬/૨૦૧૮